તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧ | ૧૨ માર્ચ, ૨૦૧૬, શનિવાર ; ફાગણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઈશરત : પોલીસ સામેના કેસ રદની અરજી ફગાવાઈ

## સુપ્રીમ કોર્ટે કેસને રદ કરવાની માંગણી કરતી અરજી ફગાવી દેતા રાજકીય વર્તુળોમાં ચર્ચાઓનો દોર : ચિદમ્બરમ વિરૂદ્ધ કાર્યવાહીની માંગ કરાઈ હતી

નવી દિલ્હી,તા. ૧૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મુકનાર ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના પોલીસ અધિકારીઓ સામેના કેસ રદ કરવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. અરજીમાં ગુજરાત પોલીસના અધિકારીઓ સામે કેસ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. એડવોકેટ મનોહરલાલ શર્મા દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી અને તર્કદાર દલીલો કરવામાં આવી હતી. ભારતના ચીફ જસ્ટિસ ટીએસ ઠાકુર અને જસ્ટિસ યુ લલિતની બનેલી બેંચ સમક્ષ આ સુનાવણી હાથ ધરાઈ હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતના અધિકારીઓ રાજકીય કાવતરાનો શિકાર થયા છે. હવે તેમની સામે કેસ રદ કરવામાં આવે ત જરૂરી છે. ઈશરત અને તેના ત્રણ સાગરિતો તોઈબાના ત્રાસવાદીઓ હતા અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા માટે આવ્યા હતા તેવી વાત પાકિસ્તાની અમેરિકી ત્રાસવાદી ડેવિડ હેડલી દ્વારા કરવામાં આવી છે. જેના આધાર પર હવે તમામ ચિત્ર સ્પષ્ટ થઈ ચુક્યું છે.

શર્માની અરજીમાં તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી અને સીબીઆઈના ડિરેક્ટર સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વાસ્તવિકતા છુપાવવા બદલ તેમની સામે કાર્યવાહી કરવાની માંગ



કરવામાં આવી હતી. ઈશરત જહાંના સંબંધમાં વાસ્તવિકતા મામલે ખોટી એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ સચિવ જીકે પિલ્લઈ કહી ચુક્યા છે કે, વર્ષ ૨૦૦૯માં ગુજરાત હાઈકોર્ટમાં સુપરત કરાયેલી એફિડેવિટ રાજકીય સ્તરે બદલી દેવામાં આવી હતી. તત્કાલીન યુપીએ સરકારે બે એફિડેવિટ કરી હતી જે પૈકી એકમાં ચારેય ત્રાસવાદીઓ હોવાની વાત કરાઈ હતી જ્યારે બીજી એફિડેવિટમાં કોઈ નક્કર પુરાવા નહીં હોવાની વાત કરાઈ હતી.

● અનુસંધાન પાના - ૭ પર



**વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલ :** ખૂબ જ વિવાદાસ્પદ બનેલ વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલનો શુક્રવારની સાંજે યમુના કિનારે ભવ્યાતિભવ્ય પ્રારંભ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે કરાયો હતો. છેલ્લા એક અઠવાડીયાથી મિડિયામાં ચર્ચાસ્પદ બનેલ વિશ્વ કક્ષાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૦ હજારથી વધુ કલાકારો ભાગ લઈ રહ્યા છે. વિશ્વભરમાંથી શ્રેષ્ઠત્તમ કલાકારોની પ્રસ્તુતિ માણવા ૨૦ લાખથી વધુ કલારસિકો ઉમટ્યા હતા.

# આધાર બિલ પસાર

નવી દિલ્હી,તા. ૧૧

લોકસભાએ આજે નાગરિકોને વધુ સત્તા આપનાર આધાર બિલને પસાર કરી દીધો હતો. સરકારે બજેટમાં આ અંગેની જાહેરાત કરી હતી અને આધારને કાયદાકીય દરજ્જો આપવાની વાત કરાઈ હતી. સબસિડી અને સર્વિસ સીધીરીતે લોકોના બેંક ખાતામાં પહોંચે તેનો હેતુ રાખવામાં આવ્યો છે. ટુંકી ચર્ચા માટે બાદ મૌખિક મતથી આ બિલને પસાર કરવામાં આવ્યો હતો. ટુંકી ચર્ચા દરમિયાન નાણામંત્રી અરુણ જેટલીએ ખાતરી આપી હતી કે, કાર્ડ માટે પુરી પાડવામાં આવેલી વિગતોનો કોઈપણ રીતે દુરુપયોગ ન થાય તેની ખાતરી કરવામાં આવશે. આ બિલનો મુખ્ય હેતુ સરકાર દ્વારા પુરી પાડવામાં આવતી સુવિધાઓ નાગરિકોને આપવાની છે. સરકાર જરૂરી સુવિધાઓના લાભ લોકોના બેંક ખાતામાં સીધીરીતે આપવાની ઈચ્છા ધરાવે છે. આધાર કાર્ડને કાયદાકીય દરજ્જો આપવાના હેતુસર બજેટમાં જાહેરાત કરવામાં આવી હતી. નાણામંત્રી અરુણ જેટલીએ બજેટ રજૂ કરતી વેળા કહ્યું હતું કે, આધારને કાયદાકીય દરજ્જો આપવામાં આવશે. કેન્દ્રીય બજેટ ૨૦૧૬-૧૭ રજૂ કરતા ૨૯મી ફેબ્રુઆરીના દિવસે નાણામંત્રીએ કહ્યું હતું કે, મોડેથી મહત્વપૂર્ણ સુધારા પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કાયદાકીય દરજ્જાથી વિકાસના હેતુસર ઘણી બધી યોજનાઓના લાભ આધાર મારફતે મળી શકશે. કન્સોલીડેટેડ ફંડ ઓફ ઈન્ડિયામાંથી સર્વિસ અથવા અન્ય લાભ આધાર મારફતે મેળવી શકાશે. હજુ સુધી ૯૮ કરોડ આધાર નંબર જારી કરવામાં આવ્યા છે.

## નિમંત્રણ છે

‘ગાંધીનગર સમાચાર’ની
૩૧મી વર્ષગાંઠે....
સૌને પ્રણામ પાઠવે છે.
ત્રીસ વર્ષની સમાચાર યાત્રાના
સૌ સહયોગીઓનો
અંતરના ઉંડાણથી
આભાર માને છે...
અને હા...
સૌને આજે વર્ષગાંઠ નિમિત્તે
મ્હોં મીઠું કરવા
ભાવપૂર્વક નિમંત્રણ છે.
(સવારે ૯ થી સાંજે ૬ દરમિયાન)
આવો, સૌ સાથે મળી...
સકારાત્મક ભાવ
પ્રગટાવીએ...

**કૃષ્ણકાન્ત જહા**
મેનેજીંગ તંત્રી

## આર્ટ ઓફ લિવિંગ દ્વારા ૨૫ લાખ રૂપિયા જમા કરાવાયા

નવી દિલ્હી,તા. ૧૧

આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન (એઓએલ) માટે ખુબ સારા સમાચાર છે. કારણ કે, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે યમુના નદીના કિનારે મેદાનમાં વર્લ્ડ કલ્ચર ફેસ્ટિવલનું આયોજન કરવા બદલ તેના ઉપર લાદવામાં આવેલા પાંચ કરોડના દંડની ચુકવણી કરવા ત્રણ સપ્તાહની મહેતલ શ્રીશ્રી રવિશંકરને આપી દીધી છે. શ્રીશ્રી રવિશંકર દ્વારા આ સંસ્થા ચલાવવામાં આવે છે. આર્ટ ઓફ લિવિંગ દ્વારા આજે ૨૫ લાખ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા અને ૪.૭૫ કરોડ રૂપિયા ત્રણ સપ્તાહની અંદર જમા કરવામાં આવશે. એઓએલ દ્વારા અગાઉ આજે સાંજ સુધીની મહેતલ અપાઈ હતી. પોતાની અરજીમાં એઓએલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તે એક ચેરિટેબલ સંસ્થા છે અને ટૂંકા ગાળામાં પાંચ કરોડ રૂપિયા ઉભા કરવાની બાબત મુશ્કેલ છે.

## વિજય માલ્યાની સામે સમન્સ જારી

નવી દિલ્હી,તા. ૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૯૦૦ કરોડને આવરી લેતા મનિલોન્ડરિંગ કેસના મામલામાં ૧૮મી માર્ચના દિવસે તેની સમક્ષ ઉપસ્થિત થવા લોન ડિફોલ્ટર વિજય માલ્યાને આદેશ કર્યો છે. માલ્યા હાલમાં બ્રિટનમાં છે. બીજી માર્ચના દિવસે તેઓ ભારત છોડી ગયા હતા. સીબીઆઈ દ્વારા તેમની સામે લૂકઆઉટ નોટિસ જારી કરવામાં આવી ચુકી છે. ઈડીએ અન્ય એક આદેશમાં કિંગફિશર એરલાઈન્સને લોન આપવા સાથે સંબંધિત તમામ દસ્તાવેજો જારી કરવા ૧૭ બેંકોને આદેશ કર્યો છે. અગાઉ કિંગફિશર એરલાઈન્સના ચેરમેન વિજય માલ્યાએ અનેક પ્રકારની અટકળો અને ટિકા ટિપ્પણી વચ્ચે ટ્વીટ કરીને કહ્યુ હતું કે તેઓ કોઈ ભાગેડુ નથી. માલ્યાએ કહ્યુ છે કે તેઓ એક આંતરરાષ્ટ્રીય કારોબારી છે અને બિઝનેસના સંબંધમાં સતત એક દેશથી બીજા દેશમાં અવરજવર કરતા રહે છે. પોતાના ટ્વીટમાં વિજય માલ્યાએ મિડિયા પર પણ આકરા પ્રહારો કર્યા હતા.











